# રાજ્યમાં ૨૪ કલાકમાં ૧૩૧૦ કેસ

## કોરોનાને લીધે ૧૫નાં મૃત્યુ : અત્યાર સુધીમાં ૧૧૯૮૧૫ ડિસ્ચાર્જ થયા જ્યારે ૩૪૭૮નાં મૃત્યુ થયા : અમદાવાદમાં કુલ ૧૯૮ કેસ

ગાંધીનગર, તા. ૨

રાજ્યમાં ૨૪ કલાકમાં કોરોનાના ૫૬,૭૩૨ ટેસ્ટ કરવામાં આવતા ૧૩૧૦ કેસ નોંધાયા હતા. રાજ્યમાં આજે ૧૫ દર્દીના મોત કોરોનાને લીધે થથા કુલ મૃત્યુઆંક ૩૪૭૮ થયો છે. રાજ્યમાં આજે કુલ કોરોના સંક્રમિત આંકડો ૧ લાખ ૪૦ હજાર ૫૫ થયો છે. રાજ્યમાં આજે ૧૨૫૦ દર્દીઓ સાજા થયા છે. આ સાથે કુલ ૧,૧૯,૮૧૫ દર્દીઓ ડિસ્ચાર્જ થયા છે. રાજ્યમાં આજની સ્થિતિએ ૧૬,૭૬૨ એક્ટિવ કેસ છે. જેમાં ૮૪ વેન્ટીલેટર પર અને ૧૬,૬૭૮ સ્ટેબલ છે. અનલોક ૫ના પ્રથમ દિવસે રાજ્યમાં ઓક્ટોબર માસમાં પ્રથમ દિવસે કોરોના પોઝિટિવનો આંકડો ૧૩૦૦ની સપાટી પર આવ્યો હતો.

રાજ્યમાં આજે કોવિડ-૧૯ના લીધે ૧૫ દર્દીના મોત થયા હતા. જેમાં અમદાવાદ કોર્પોરેશનમાં ૩, રાજકોટ કોર્પોરેશનમાં ૨, સુરત કોર્પોરેશનમાં ૨, વડોદરા કોર્પોરેશનમાં ૨, બનાસકાંઠામાં ૧, ભાવનગર કોર્પોરેશનમાં ૧, ગાંધીનગરમાં ૧, જામનગરમાં ૧, રાજકોટમાં ૧, સુરેન્દ્રનગરમાં ૧ મોત કોરોનાનાં કારણે નોંધાયા છે. અમદાવાદ શહેરમાં ૧૭૩ અને જિલ્લામાં ૨૫ સાથે ૧૯૮ કેસ નોંધાયા છે.

આ સાથે કુલ સંક્રમિતનો આંકડો ૩૭ હજારને પાર અમદાવાદ શહેરમાં ૩૭૨૩૮ થયો છે. આજે ૩ મોત નોંધાતા કુલ મૃત્યુઆંક ૧૮૧૯ થયો છે. સુરત શહેરમાં ૧૭૭ અને જિલ્લામાં ૧૦૧ સાથે ૨૭૮ કેસ કોરોના નોંધાયા છે. આ સાથે કુલ કોરોના સંક્રમિતનો આંકડો ૨૯૭૩૫ થયો છે. આજે ૨ મોત થતા કુલ મૃત્યુઆંક ૭૭૫ થયો છે. વડોદરા શહેરમાં ૮૭ અને જિલ્લામાં ૪૨ સાથે કુલ ૧૨૯ કેસ નોંધાયા છે. આ સાથે કુલ સંક્રમિતનો આંકડો ૧૨૩૪૯ થયો છે.

આજે ૨ મોત થતા કુલ મૃત્યુઆંક ૧૮૮ થયો છે. રાજકોટ શહેરમાં ૧૦૬ અને જિલ્લામાં ૪૫ સાથે કુલ ૧૫૧ કેસ કોરોનાના નોંધાયા છે. આ સાથે કુલ સંક્રમિતનો આંકડો ૯૫૫૭ થયો છે.જામનગર શહેરમાં ૬૪ અને જિલ્લામાં ૨૨ સાથે ૮૬ કેસ નોંધાયા છે. આ સાથે કુલ સંક્રમિતનો આંકડો ૬ હજાર પાર થઈ ૬૨૬૭ થયો છે.




**ઉતરપ્રદેશની પિડિતાને ન્યાય માટે યુથ કોંગ્રેસ દ્વારા કેન્ડલ માર્ચ યોજાઈ**

ઉતરપ્રદેશમાં યુવતિ પર થયેલા જઘન્ય બળાત્કારના પડઘા ગાંધીનગરમાં પણ પડ્યા છે. ત્યારે ઘટનાના વિરોધમાં ગાંધીનગર યુથ કોંગ્રેસ અને એનએસયુઆઈ દ્વારા કેન્ડલ માર્ચ યોજીને તમામ આરોપીઓને ફાંસીની સજા મળે પરિવારને ન્યાય મળે તેવી માંગ સરકાર સમક્ષ મુકી હતી. આ કેન્ડલ માર્ચમાં ગાંધીનગર જિલ્લા યુથ કોંગ્રેસના પ્રમુખ શકિતભાઈ પટેલ, શહેર યુથ કોંગ્રેસના પ્રમુખ કર્મજીતસિંહ વાઘેલા, વોર્ડ નં.૭ ના કોર્પોરેટર જયરાજસિંહ વાઘેલા, સહિત ફેનીલ પટેલ તેમજ મોટીસંખ્યામાં કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા.

# ગાંધી જયંતીના દિવસે કોંગ્રેસનો હલ્લાબોલ

## ખેડૂત બિલના વિરોધમાં અરવલ્લીના તાલુકા મથકોએ કરેલ વિરોધ પ્રદર્શનમાં સોશ્યલ ડિસ્ટન્સના ધજાગરા

કોરોનાનું સંક્રમણ સતત વધી રહ્યું છે, રાજકીય પાર્ટીઓ સતત સરકારી ગાઈડલાઈનનું ઉલ્લઘન કરી રહી છે, થોડા દિવસો અગાઉ બીજેપી પ્રદેશ અધ્યક્ષના મોડાસા ખાતે યોજાયેલ કાર્યક્રમમાં કોરોનાની ગાઈડલાઈન કોરાણે મુકાણી હોવાની રજુઆત કરવા અને નિયમનો ભંગ કરનારાઓ સામે કાયદેસરની દંડનીય કાર્યવાહી કરવાની રજુઆત જીલ્લા પ્રશાસન તંત્રને રજુઆત કરવા દોડી ગયેલા કોંગ્રેસના અગ્રણીઓએ જીલ્લાના તાલુકા મથકોએ ખેડૂત બીલના વિરોધમાં ધરણા પ્રદર્શન યોજ્યું હતું. કોંગ્રેસના મોડાસા અને માલપુર ખાતે હલ્લાબોલ કરી સૂત્રોચ્ચાર કરનાર કોંગ્રેસી અગ્રણીઓ અને કાર્યકરોએ પણ સોશ્યલ ડિસ્ટન્સ જાળવવામાં ભાન ભૂલ્યા હતા, કેટલાક કાર્યકરો તો માસ્ક પણ ગળે લટકાવી જાણે કોરોનાને આમંત્રણ આપતા હોય તેમ બિન્દાસ્ત વિરોધ પ્રદર્શનમાં જોતરાયા હતા.




દેશમાં ખેડૂતોના ઉદ્ધાર માટે કેન્દ્ર સરકાર દ્વારા લાવવામાં આવેલા ત્રણ કૃષિ બિલનો કોંગ્રેસે વિરોધ નોંધાવ્યો છે. આ બિલને કાળો કાયદો ગણાવી ગુજરાત કોંગ્રેસ રસ્તા પર ઉતરશે. રાજ્યમાં ૨૬ સપ્ટેમ્બર, ૨૮ સપ્ટેમ્બરે અલગ વિરોધ પ્રદર્શન આપ્યા બાદ ગાંધી જયંતિએ અરવલ્લી જીલ્લાના મોડાસા, માલપુર સહીત અનેક જગ્યાએ કોંગ્રેસી અગ્રણીઓએ ખેડૂત બીલના વિરોધમાં રસ્તા પર ઉતર્યા હતા. મોડાસા ચાર રસ્તા ખાતે કોંગ્રેસના કાર્યકર્તાઓ મોટી સંખ્યામાં ઉમટી રોડ પર બેસી જઈ ખેડૂત વિરોધી એ સરકાર નહિ ચલેગીના સૂત્રોચ્ચાર કરી સતત વાહનોથી ધમધમતા ચાર રસ્તા પર ટ્રાફિકજામ સર્જાયો હતો. કોંગ્રેસના હલ્લાબોલના પગલે ટાઉન પોલીસ તાબડતોડ દોડી આવી વિરોધ પ્રદર્શન કરી રહેલા કોંગ્રેસીઓની અટકાયત કરવામાં આવી હતી. માલપુર મોડાસા-ગોધરા સ્ટેટ હાઈવે પર બેસી જઈ કૃષિ ખરડાનો વિરોધ નોંધાવી સરકાર સામે ભારે સૂત્રોચ્ચાર કર્યો હતો.

# વડગામ તાલુકા પંચાયતમાં કોરોબારી સમિતિ અને સામાજિક ન્યાય સમિતિની રચના

## કારોબારી સમિતીમાં ૯ અને સામાજિક ન્યાય સમિતિમાં ૫ સભ્યોનો સમાવેશ

વડગામ, તા. ૨

કોંગ્રેસનો ગઢ ગણાતી વડગામ તાલુકા પંચાયતમાં કોંગ્રેસના અઢી વર્ષના શાસન બાદ ભેળવીને કોંગ્રેસના ગઢ ગણાતા વડગામ તાલુકા પંચાયતમાં કોંગ્રેસના કાંકરા ખેરવીને ભાજપે તાલુકા પંચાયત કબ્જે કરી હતી.



છેલ્લા ૨૦ વર્ષથી વડગામ તાલુકા પંચાયતમાં સત્તા માટે વનવાસ ભોગવી રહેલા વડગામ ભાજપના આગેવાનો દ્વારા તાલુકા પંચાયતમાં કોંગ્રેસના સિમ્બોલ ઉપર ચુંટાયેલા ૩ સદસ્યો તેમજ ૧ અપક્ષ સાથે મળીને ૪ સદસ્યોને ભાજપ સાથે

જેમાં ગુરૂવારના બપોરના બાર વાગે વડગામ તાલુકા પંચાયત હોલમાં વડગામના ઈન્ચાર્જ ટીડીઓ અભીષેક પરમાર તથા વિસ્તરણ અધિકારી મફાજી રાજપૂતની ઉપસ્થિતિ વચ્ચે ભાજપ દ્વારા કોરોબારી સમિતિ તેમજ ન્યાય સમિતિની રચના કરવામાં આવી હતી. કારોબારી સમિતીની રચના માટે તાલુકા પંચાયતના પ્રમુખ દ્વારા દરખાસ્ત કરવામાં આવી હતી. ટેકો રાજુજી રાઠોડ દ્વારા કરાઈ હતી. જેમા નાથુજી નવાજી ઠાકોર, રાજુજી મોબતાજી રાઠોડ, યુનુસભાઈ અલીભાઈ મનસુરી, દીવીબેન અંબારામ બોટ, રમીલાબેન લક્ષ્મણભાઈ ગુર્જર, મુકેશભાઈ મુળજીભાઈ ચૌધરી, ભીખાજી લક્ષ્મણજી પરમાર, ભરતકુમાર શંકરલાલ પ્રજાપતિ, મધુબેન મફાજી ઠાકરડા, સહીત નવ સદસ્યોની કારોબારી સમિતીના સભ્યપદે રચના કરી હતી. જયારે સામાજિક ન્યાય સમિતિની રચના માટેની દરખાસ્ત યુનુસભાઈ મનસુરીએ કરી હતી. ટેકો મુકેશભાઈ ચૌધરીએ કરી હતી.




કોંગ્રેસના દેખાવો : ગાંધીનગર ખાતે કોંગ્રેસ પરિવાર દ્વારા ઉત્તરપ્રદેશની યુવતી પર કરાયેલ દુષ્કર્મ અને હત્યાના વિરોધમાં ઉગ્ર સૂત્રોચ્ચાર સાથે દેખાવો યોજાયા હતા. દેશભરમાં પીડિત પરિવારના ન્યાય માટે યોજાયેલા દેખાવના ભાગરૂપે અને વિશેષ કરીને રાહુલ ગાંધી અને પ્રિયંકા ગાંધી સાથે પોલીસના અભદ્ર વર્તનના વિરોધમાં દેખાવો કરાયા હતા.

# ભૂસ્તર વિભાગનો સપાટો.. ડીસાના દામા ગામે માટી ચોરતા ૪ વાહન ઝડપ્યા

## ભૂમાફિયાઓમાં ભારે ફફડાટ એક કરોડનો મુદ્દામાલ કબ્જે

ડીસા

બનાસકાંઠા ભૂસ્તર વિભાગે બાતમીના આધારે વહેલી પરોઢે ડીસા તાલુકાના દામા ગામે આકસ્મિક રેડ કરી બિન અધિકૃત રીતે માટીની ચોરી કરતા ત્રણ ડમ્પર અને એક જેસીબી સહિત રૂ. એક કરોડનો મુદ્દામાલ જપ્ત કરતા ભુમાફિયા ફફડી ઉઠ્યા છે.



બનાસકાંઠા ભૂસ્તર અધિકારી સુભાષ જોશીને મળેલી બાતમી મુજબ ડીસાના દામા ગામે કોઈક ઈસમો દ્વારા ગેરકાયદેસર સાદી માટીનું ખોદકામ કરી રહ્યા છે જે બાતમીના આધારે ભૂસ્તર વિભાગની ટિમ રાત્રે અગિયાર વાગે દામા ગામે પહોંચી હતી અને તપાસ કરતા ત્રણ ડમ્પર અને એક જેસીબી મશીન દ્વારા માટીનું ખોદકામ કરી માટીની ચોરી કરી રહ્યા હોવાનું માલુમ પડ્યું હતું. જેથી ભુસ્તર વિભાગે ત્રણ ડમ્પર અને એક જેસીબી મશીન કબ્જે કરી રૂ. એક કરોડનો મુદ્દામાલ ડીસા તાલુકા પોલીસ મથકે લાવી માટીની ચોરી કરતા ઈસમો પાસેથી રૂ. ૭.૭૦ લાખનો દંડ વસુલ કરવાની કાર્યવાહી હાથ ધરેલ. ભૂસ્તર વિભાગે રાત્રે અગિયાર વાગે રેડ કરેલ જેની કાર્યવાહી સવારના ચાર વાગ્યા સુધી ચાલી હતી.

# મહાદેવગ્રામ (બાકરોલ) પર ગાંધી જયંતીએ જાયન્ટ્સ મોડાસાએ પુષ્પાંજલિ અર્પી વૃક્ષારોપણ

મોડાસા, ૨

મીની રાજઘાટ તરીકે ઓળખાય છે અહીંનું ગાંધી સ્મારક ૧૯૪૮ માં ગાંધીજીના ભારતમાં યાત્રા સ્વરુપે ફેરવવામાં આવ્યા હતા ત્યારે ૧૨ ફેબ્રુઆરી ૧૯૪૮ના રોજ મેશ્વો અને ઝુમર નદીના સંગમસ્થાન તરીકે મનસુખભાઈ મિસ્ત્રીએ ગાંધીજી અને અન્ય સ્વતંત્ર સેનાનીઓના નજીક ના મિત્રો ગણાતા હતા. જયારે આઝાદી બાદ જયારે




અસ્થિ સ્વતંત્ર સેનાની ગૌરીશંકર જોષી લાવ્યા હતા. ૨જી ઓકટોમ્બર એટલે ગાંધી જયંતિ. સમગ્ર દેશમાં આજે ગાંધી જયંતિની ઉજવણી કરવામાં આવી રહી છે ત્યારે દિલ્હીના રાજપાટ પછી મીની રાજઘાટ તરીકે ઓળખાતું ગાંધી સ્મારક મોડાસા તાલુકાના મહાદેવગ્રામ (બાકરોલ) ખાતે આવેલું છે. મિની રાજઘાટ તરીકે ઓળખાતા આ સ્થળ અંગે ઘણા ઓછા લોકોમાં જાણકારી હશે ત્યારે ગાંધીજીના દેહાંત બાદ તેમના અસ્થિને સમગ્ર ઓળખાતા હાથિયા ડુંગરની તળેટીમાં ગાંધીજીનું સ્મારક બનાવામાં આવ્યું હતું. મીની રાજઘાટ પર જાયન્ટ્સ ગ્રુપ ઓફ મોડાસાના અને સ્થાનિક નેતાઓ, ગાંધી વિચારધારા સાથે સંકળાયેલ લોકોએ પુષ્પાંજલી અર્પી હતી.

આજે પણ વર્ષો બાદ પણ ગ્રામજનો દ્વારા ગાંધી જન્મજયંતિ અને નિર્વાણ દિને શ્રધ્ધા સુમન અર્પણ કરવામાં કરવામાં આવે છે. સ્વતંત્ર ચળવળ દરમ્યાન મહાદેવગ્રામ (બાકરોલ)ના ગૌરીશંકર જોષી અને ગાંધીજીએ દેહ છોડ્યો હતો ત્યારે મહાદેવગ્રામ (બાકરોલ)ના ગૌરીશંકર જોષી અને મનસુખભાઈ મિસ્ત્રી તે સમયે ત્યાં હાજર હતા અને ત્યારબાદ તેઓ ગાંધીજીના અસ્થિઓને મહાદેવગ્રામ (બાકરોલ) ખાતે લાવીને અહીં ગાંધીજીના અસ્થિઓનું સ્મારક બનાવામાં આવ્યું હતું. રવિશંકર મહારાજ અને ઈન્દુલાલ યાજ્ઞિક જેવા મહાન વ્યકિઓએ પણ આ સ્મારકની મુલાકાત લઈને ધન્યતા અનુભવી હતી.

# બાયડ તાલુકામાં મહાત્મા ગાંધીજીની જન્મ જયંતીની ઉજવણી કરાઈ

બાયડ :-બાયડ તાલુકાનામાં આંગણવાડી કેન્દ્રો દ્વારા જુદી - જુદી જગ્યાએ સ્વછતા અંગેના કાર્યક્રમો કરવામાં આવ્યા હતા. બાયડ તાલુકામાં ૧૨ જગ્યાએ આ જાગૃતિ અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું. ૧૨૦૦ જેટલી કિશોરીઓને હેન્ડ વોશીંગ, પ્રમાણપત્રો આપવામાં આવ્યા હતા. ડેમાઈ, છભૌવ, ધરમડીવાંટા, બાયડ, ચોઈલા, જેવા સેન્ટરોમાં આ અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું. ગાંધીજીની જન્મ જયંતિ નિમિત્તે સાંભળો સૌ અમારી અરજ, સ્વચ્છતા છે સહિયારી ફરજ એ પંકિતને સાર્થક કરવા તેમજ આંગણવાડી દ્વારા આયોજીત ચલો પોષણ અભિયાનના સહી પોષણ, દેશ રોશનના સંકલ્પને ચરિતાર્થ કરવા આવ્યા હતા. સ્વચ્છતા અભિયાન દ્વારા ગામ લોકોને જાગૃત કરવામાં આવ્યા હતા. ગાંધીજીની જન્મ જયંતી નિમિત્તે ભુખેલ ગ્રામ પંચાયત ખાતે પુષ્પાજલી, સ્વચ્છતા અભિયાન અંગેના કાર્યક્રમો યોજાયા હતા. બાયડ તાલુકા ભાજપા સંગઠન પ્રમુખ માનસિંહ સોઢા, તાલુકા પ્રમુખ અલ્પેશભાઈ પટેલ, કેતન બ્રહ્મભટ્ટ, કમલેશભાઈ, ભુખેલ સરપંચ, કેતન પંડયા વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

## અટલ ટનલ...

● અનુસંધાન પહેલાનું ચાલુ

આ દરમિયાન તેમની સાથે મંત્રી અનુરાગ ઠાકુર પણ સાથે હતા. આ ટનલથી મનાલી અને લેહ વચ્ચે ૪૬ કિલોમીટરનું અંતર ઘટશે તથા પ્રવાસનો સમય આશરે ૪થી ૫ કલાક ઓછો થઈ જશે.જ્યારે અટલ ટનલની સાઉથ પોર્ટલ (એસપી) ૩૦૬૦ મીટરની ઊંચાઈ પર મનાલીથી ૨૬ કિલોમીટરના અંતરે સ્થિત છે, ત્યારે નોર્થ પોર્ટલ (એનપી) ૩૦૭૧ મીટરની ઊંચાઈ પર લાહૌલ ઘાટીમાં સિસ્સુમાં તેલિંગ ગામ નજીક સ્થિત છે. આ ટનલ ઘોડાના પગની નાળ જેવો આકાર ધરાવે છે. આ સિંગલ ટ્યુબ ડબલ લેન ટનલ ૮ મીટરનો માર્ગ ધરાવે છે. એ ૫.૫૨૫ મીટરનું ઓવરહેડ ક્લીઅરન્સ ધરાવે છે. આ ટનલ ૧૦.૫ મીટર પહોળી અને ઈમરજન્સી કે કટોકટીની સ્થિતિમાં ૩.૬ ટ ૨.૨૫ મીટરનો નીકળવાનો માર્ગ ધરાવે છે, જે મુખ્ય ટનલની અંદર જ બનાવવામાં આવ્યો છે. અટલ ટનલમાંથી કલાકદીઠ મહત્તમ ૮૦ કિલોમીટરની ઝડપે દરરોજ ૩૦૦૦ કાર અને ૧૫૦૦ ટ્રક પસાર થઈ શકશે. આ ટનલ અત્યાધુનિક ઈલેક્ટ્રોમિકેનિકલ સિસ્ટમ ધરાવે છે, જેમાં સેમી ટ્રાન્સવર્સ વેન્ટિલેશન સિસ્ટમ, જીઝછહ્રછ કન્ટ્રોલ ફાયરફાઈટિંગ, ઈલ્યુમિનેશન અને મોનિટરિંગ સિસ્ટમ સામેલ છે. રોહતાંગ પાસ નીચે વ્યૂહાત્મક ટનલ બનાવવાનો ઐતિહાસિક નિર્ણય ૦૩ જૂન, ૨૦૦૦ના રોજ તત્કાલિન પ્રધાનમંત્રી સ્વ. અટલ બિહારી વાજપેયીએ લીધો હતો. ત્યારબાદ ટનલના સાઉથ પોર્ટલને જોડતા એક્સેસ રોડ માટે શિલારોપણ ૨૬ મે, ૨૦૦૨ના રોજ થયું હતું.

## ૨૦ સંક્રમિત થયા

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

હોમ આઈસોલેશનનો વિકલ્પ પસંદ કર્યો છે. સે. ૧૯માંથી પણ આજે બે કેસ મળી આવ્યા છે. રાજભવનમાં સેવક તરીકે સેવાઓ આપતા ૪૩ વર્ષીય કર્મયોગીનો રિપોર્ટ પોઝીટીવ આવતાં સારવાર માટે ગાંધીનગર સિવિલમાં દાખલ કરવામાં આવેલ છે. આ ઉપરાંત ૭૬ વર્ષીય મહિલાનો રિપોર્ટ પણ પોઝીટીવ આવતાં તેણીનીને સારવાર માટે ગાંધીનગર સિવિલમાં દાખલ કરવામાં આવેલ છે. સે. ૩૦ માં રહેતા અને ક્લાર્ક તરીકે નોકરી કરતા ૩૩ વર્ષીય યુવાનનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તેણે પણ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. જીઈબી કોલોનીમાં રહેતા અને ગાંધીનગર ગ્રામ્ય ડિવીઝનની કચેરીમાં ફરજો બજાવતા ૫૫ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ કર્મયોગીએ પણ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. સે. ૨૨માંથી એક ૯૫ વર્ષીય વૃદ્ધાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ મહિલાએ પણ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. સે. ૩ માં રહેતા અને ટોરેન્ટ પાવરમાં ટેલિફોન ઓપરેટર તરીકે ફરજો બજાવતા ૪૯ વર્ષીય કર્મયોગીનો રિપોર્ટ પોઝીટીવ આવતાં તેણે હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. સે. ૮ માંથી આજે બે કેસ મળી આવ્યા છે. નવા સચિવાલયમાં સેવક તરીકે નોકરી કરતા ૪૬ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તેણે હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. આ ઉપરાંત ગુજરાત રાજ્ય બીજ એજન્સીમાં નોકરી કરતા ૪૨ વર્ષીય કર્મયોગીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ દર્દીએ પણ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. સે. ૨૪માં રહેતા ૬૭ વર્ષીય નિવૃત્ત કર્મયોગીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તેમણે પણ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. શહેરમાં આજે વધુ ૨૧ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. શહેરમાં અત્યાર સુધીમાં ૧૧૧૦ દર્દીઓ કોરોનામુક્ત થયા છે. શહેરમાં આજે ૨૧૭ દર્દીઓ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે.

## આંતરિક માર્ગો...

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

શહેરમાં માર્ગ સુધારણાની કામગીરી વરસાદી દિવસોમાં ઠપ્પ થઈ ગઈ છે. હાલની સ્થિતિએ મોટાભાગના માર્ગો ઉબડ ખાબડ બન્યા છે. જયારે વરસાદી દિવસોમાં માર્ગોનુ ધોવાણ થયા બાદ તંત્ર દ્વારા માર્ગો પર પેચવર્ક હાથ ધરવામાં આવ્યુ છે. એકબાજુ વરસાદી પાણીના નિકાલની લાઇનની કામગીરીના લીધે માર્ગો પર આડેધડ ખોદકામ કરવામાં આવ્યુ છે. જેના લીધે માર્ગોની હાલત વધુ ખરાબ થઈ છે. આવા સંજોગોમાં સેકટરોના આંતરિક માર્ગોની સપાટી પણ ખરબચડી બની છે. સેકટરોના આંતરિક માર્ગોનુ કામ પણ છેલ્લા ઘણાં સમયથી હાથ ધરવામાં આવ્યુ નથી જેમાં ખાસ કરીને જુના સેકટરોમાં માર્ગોની દશા વધુ ખરાબ છે. નવા સેકટરોમાં પણ સે-૩ અને સે-૪ માં પણ રસ્તાઓની હાલત ખરાબ છે. સ્ટોર્મ વોટર લાઈનની કામગીરીને અનુલક્ષીને ઠેર ઠેર ખોદકામ કરવામાં આવ્યુ હતુ જયારે માર્ગો પર પથરાયેલા માટીના ઢગ પણ હજુ દુર થયા નથી. ત્યારે સેકટરોમાં માર્ગ સુધારણાની કામગીરી માટે પણ તબક્કાવાર આયોજન કરવામાં આવી રહ્યુ છે. શહેરના સે-૧૭ અને સે-૧૯ માં આંતરિક માર્ગોની સુધારણાનુ કામ ટુંકમાં હાથ ધરાશે. આ બન્ને સેકટરોમાં છેલ્લા ઘણાં સમયથી માર્ગોનુ કામ હાથ ધરાયુ નથી જેના લીધે આંતરિક રસ્તાઓ વધુ ખરાબ થયા છે. અલબત્ત સેકટરોમાં પાંચ વર્ષથી વધુ સમયથી માર્ગોની દશા ખરાબ છે. ત્યારે આ સેકટરોમાં માર્ગોની સુધારણાનુ કામ હાથ ધરવા માટે આયોજન કરાયુ છે.આ કામગીરીને અનુલક્ષીને ટેન્ડર પ્રકીયા હાથ ધરાઈ છે જેના અંતે ટુંકમાં જ માર્ગ સુધારણાનુ કામ હાથ ધરાશે. આ કામગીરી પાછળ અંદાજિત રૂ ૨ કરોડનો ખર્ચ કરાશે.



**અંબાજી મંદિરને ૬૮.૨૦ લાખના સોનાનું ગુપ્ત દાન**

હાલમાં સુપ્રસિદ્ધ યાત્રાધામ અંબાજી ખાતે અંબાજી મંદિરને સુવર્ણમય બનાવવાની કામગીરી ચાલી રહી છે, ત્યારે આજે સવારે રાજકોટના એક માઈભક્ત દ્વારા અંબાજી મંદિરને સુવર્ણમય બનાવવાની કામગીરી માટે સવા કિલો ઉપરાંતનું સોનું માતાજીને ભેટમાં ધર્યું છે. માઈભક્તે પોતાનું નામ ગુપ્ત રાખીને અંદાજે કિંમત રૂ. ૬૮, ૨૦,૮૭૫ની કિંમતનું સોનું માતાજીના નિજ મંદિરમાં પૂજા-અર્ચના કરીને માતાજીને અર્પણ કર્યું હતું.

## ટ્રમ્પ અને પત્ની...

● અનુસંધાન પહેલાનું ચાલુ

કરીને જણાવ્યું હતું કે, હોપ હિક્સ સંક્રમિત થયા બાદ તેમણે અને ફર્સ્ટ લેડી મેલાનિયાએ પણ ટેસ્ટ કરાવ્યો છે. ઉલ્લેખનીય છે કે, રાષ્ટ્રપ્રમુખના સલાહકાર હોપ હિક્સ તેમની સાથે એરફોર્સ વન દ્વારા ક્વીવલેન્ડમાં થયેલી પ્રેસિડેન્શિયલ ડિબેટમાં ભાગ લેવા ગયા હતા અને તે બાદ તેમનો કોરોના રિપોર્ટ પોઝિટિવ આવ્યો હતો. બંને કોરોના પોઝિટિવ આવ્યા છે. આ અંગેની જાહેરાત ખૂદ અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ટ્વીટ કરીને આપી હતી. આ પહેલા તેમના એક નજીકના સલાહકાર હોપ હિક્સ કોરોના પોઝિટિવ આવ્યા બાદ રાષ્ટ્રપ્રમુખ પણ કોરોના પોઝિટિવ હોવાની આશંકા વ્યક્ત કરવામાં આવી હતી. હોપ કોરોના પોઝિટિવ આવ્યા બાદ ટ્રમ્પ દંપતિએ ગુરુવારે રાત્રે કોરોના ટેસ્ટ કરાવ્યો હતો.